જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૭/૧૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

## મુસાફરોને રિક્ષામાં બેસાડી છરી મારી લુંટ કરતી ગેંગના મુખ્ય સુત્રધારને તેના સાગરિત તથા લુંટના મુદ્દામાલ સહિત પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બહારગામથી આવતા એકલ દોકલ મુસાફરોને રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી ધાકધમકીથી છરી ચપ્પાની અણીએ લુંટી લેવાના વ્યાપક બનાવો બનવા પામેલ હોય અને આવા ગુનાઓ કરનારી ગેંગ શહેરમાં સક્રિય થયેલ હોય તે બાબતની પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ગંભીર નોંધ લઈ આવા ગુના કરવાવાળા આરોપીઓને તત્કાલ શોધી કાઢવા તાકીદ કરેલ. તેમજ તાજેતરમાં મુંબઈથી એક યુવક કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ઉતરેલ અને તેને ગીતામંદિર જવું હોય બે ઈસમોએ નંબર વગરની રિક્ષામાં તેને પેસેન્જર તરીકે બેસાડી નારોલ સર્કલ પાસે પ્લેઝર હોટલની ગલીમાં લઈ જઈ છરી વડે તેને સાથળના ભાગે ઈજા કરી ધાકધમકીથી રોકડા રુપિયા ૧૮,૦૦૦/- તથા મોબાઈલ ફોન, એ.ટી.એમ. કાર્ડ વિગેરે લુંટી લીધેલ. જે બનાવ અંગે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવેલ. આ બનાવ અંગે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ ગંભીર નોંધ લઈ ગુનાનો ભેદ ઉકેલવા સારું સુચના કરતાં જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.ઈન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ. શ્રી એ.વાય.બલોચ નાઓ તેમની ટીમના માણસો સાથે આ ગુનાના આરોપીઓને ઝડપી લેવા પ્રયત્નશીલ હતા. અને આ ગુનાની એમ.ઓ.નું નિરીક્ષણ કરી આરોપીઓને શોધી કાઢવા કાર્યરત હતા દરમ્યાન સ્ટાફના હે.કો.રાકેશકુમાર રમાશંકર, પો.કો.જાવેદખાન યાસીનખાન તથા પો.કો મનોરથસિંહ ગંભીરસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ચંડોળા તળાવની પાળ પેટ્રોલપંપ પાસેથી બે આરોપીઓ (૧) મહમંદ મજહરહુસેન S/O મહમંદ સલીમભાઇ શેખ ઉવ.૩૦ રહે.અલ્લાનગર, અપનાનગર, લાલજી પરમાર હોલની સામે, દાણીલીમડા, અમદાવાદ શહેર (૨) જાકીરહુસેન ઉર્ફે ટેલર S/O અહેમદહુસેન નીલગર ઉ.વ.૩૦ રહે.મ.નં.સી/૯, ફિરદોશ નગર, ફિરદોશ મસ્જિદની પાછળ, નવા ઢોરબજાર, દાણીલીમડા, અમદાવાદ શહેર મુળ ગામ સુજાલપુર, મધ્યપ્રદેશ નાઓને પકડી પાડેલ છે.

**-: છરી મારી લુંટ કરવાના બે ગુનાઓનો ભેદ ઉકેલાયોઃ-**

પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં ગઈ તા.૦૩/૧૧/૨૦૧૬ ના સવારના સાડા છ વાગે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ફરિયાદી અંકિતભાઈ રમેશભાઈ પટેલ ઉ.વ.૨૩ નાઓ મુંબઈથી ટ્રેન મારફતે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ઉતરેલા અને તેઓને પોતાના વતન જવું હોય ગીતામંદિર જવા સારું આરોપીઓએ પોતાની નંબર વગરની રિક્ષામાં બેસાડેલ અને ગીતામંદિર લઈ જવાને બદલે ફરિયાદીને ઈસનપુર વિસ્તારમાં પ્લેઝર હોટલની ગલીમાં લઈ ગયેલ અને પેસેન્જરના ડાબી બાજુના સાથળે છરી મારી ઈજા કરી પેસેન્જરના પેન્ટના ખિસ્સામાંથી જબરજસ્તીથી રોકડા રુપિયા ૧૮,૦૦૦/- તથા લીનોવો કંપનીનો મોબાઈલ ફોન તેમજ બેંકનાં બે એ.ટી.એમ.કાર્ડ ની લુંટ કરી નાસી ગયેલા. જે બાબતે ઈસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૦/૧૬ ઈ.પી.કો.કલમ ૩૯૪, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આ ગુનાનો ભેદ ઉકેલાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

તેમજ આરોપી મઝહર શેખ નાએ તેના સાગરિત સાથે મળી ગઈ તા.૧૨/૦૯/૨૦૧૬ ના રોજ ફરિયાદી મનીષકુમાર દિનેશચંદ્ર સુથાર રહે.રાજસ્થાન નાઓ તેમના પિતાજી સાથે ગીતામંદિર એસ.ટી સ્ટેન્ડ થી વહેલી સવારના સાડા ત્રણેક વાગે આરોપીઓની રીક્ષામાં બેસેલ હતા જેથી આરોપીઓએ તેઓને આવકાર હોલની સામે ખુલ્લા મેદાનમાં લઇ જઇ છરી વડે ઇજાઓ પહોંચાડી રોકડ તથા મોબાઇલ ફોન વિગેરે લુંટી લીધેલ.જે અંગે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૧૧૨/૨૦૧૬ ઇપીકો કલમ ૩૯૭, ૧૧૪ મુજબનો પણ ગુનો દાખલ થયેલ છે. આમ છરી મારી લુંટ કરેલાના કુલ બે ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

**<u>-:કબજે કરેલ મુદ્દામાલ:-</u>**

સદરી બંને આરોપીઓ પાસેથી ઉપરોક્ત ઈસનપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૫૦/૧૬ ઈ.પી.કો.કલમ ૩૯૪, ૧૧૪ ના ગુનામાં ઉપયોગમાં લીધેલ (૧) નંબર વગરની સી.એન.જી. ઓટો રિક્ષા કિં.રૂ.૧,૭૫,૦૦૦/- (૨) લુંટ કરી મેળવેલ નાણાં પૈકીના રોકડ નાણાં રૂ. રૂ.૧૫,૦૦૦/- (૪) લીનોવો મોબાઈલ ફોન-૧ કિં.રૂ.૫૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ છે.

**<u>-:આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ:-</u>**

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી મહમંદ મજહર શેખ નો ભુતકાળ જોતાં તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેણે સને ૨૦૦૭ માં તેના સાગરિતો સાથે મળી વટવા વિસ્તારમાં રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ ઇસમોને **<u>છરી બતાવી લુંટી લેવાના ૩ ગુનામાં</u>** પકડાયેલ. અને આઠ નવ મહીના સાબરમતી જેલમાં રહેલ. સને ૨૦૦૯ માં દાણીલીમડા રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ ઇસમને **<u>છરી બતાવી લુંટી લેવાના ૧ ગુનામાં</u>** પકડાયેલ જેમાં બે અઢી મહીના જેલમાં રહેલ. તેમજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ ઇસમને **<u>છરી બતાવી લુંટી લીધેલ</u>** અને આ ગુનામાં પકડાઇ ગયેલ. ત્યારબાદ સને ૨૦૧૩ માં મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મકાનનુ તાળુ તોડી મકાનમાંથી મોબાઇલ ચોરી કરેલ. આ ગુનામાં બે મહીના જેટલુ અંદર રહી છુટી ગયેલ. ત્યારબાદ ચાર પાંચ મહીના પછી કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ પર ઉભેલ ટ્રેનમાંથી એક માણસના ખીસ્સામાંથી મોબાઇલ ફોન ચોરી કરેલ અને જેમાં આઠ નવ મહીના પહેલા ક્રાઇમબ્રાંચમાં પકડાયેલ હતો. આમ આ આરોપી **<u>છરી બતાવી લુંટ કરવાના ૮ જેટલા ગુનાઓમાં</u>** અગાઉ પકડાયેલ છે. આ આરોપીઓએ આ સિવાય બીજા કોઈ ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેની સાથે આ ગુનામાં અન્ય કોઈ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે ઝીણવટ ભરી પુછપરછ તપાસ ચાલું હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

આશરે પાંચેક મહીના પહેલા ગીતામંદિર એસ.ટી સ્ટેન્ડની રાતના દોઢેક વાગે એક માણસને નારોલ શાહવાડી લઈ જવા બેસાડેલ. અને કાશીરામ ફેકટરીની સામે ગલીમાં લઇ જઇ છરી બતાવી રોકડ તથા મોબાઇલ લુંટી લીધેલ.

આશરે ચારેક મહીના પહેલા કાલુપુર રેલ્વે સ્ટેશનથી વહેલી સવારના ચાર-પાંચ વાગે એક માણસ ગીતામંદિર એસ.ટી સ્ટેન્ડ જવા માટે બેઠેલ તેને નારોલ સર્કલ મટનગલીમાં લઇ જઇ છરી બતાવી આશરે રોકડ તથા મોબાઇલ લુંટી લીધેલ.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)